તા.:૦૯–૦૩–૨૦૧૭ ના રોજ મળેલ કારોબારી કમીટીની કાર્યનોંધ.

---

<u>કામ નં.– ૧ .</u>

<u>વિષયઃ–</u>વલસાડ નગરપાલિકા વલસાડનું સને ૨૦૧૬–૨૦૧૭ ના વર્ષનું રીવાઈઝડ બજેટ મહેસુલી આવક / ડીપોઝીટ અને એડવાન્સીસનું રૂા.૫૭૮૨૬૬૭૫૦/– તથા મહેસુલી ખર્ચ / ડીપોઝીટ અને એડવાન્સીસનું રૂા.૫૮૯૮૬૮૦૦૦/–રીવાઈઝડ બજેટ મંજુર કરવા અંગે જરૂરી નિર્ણય થવા બાબત..

<u>ઠરાવ.:</u>

આ કામ કમીટીમાં રજુ થતાં ઠરાવ્યું કે, વલસાડ નગરપાલિકા વલસાડનું સને ૨૦૧૬–૨૦૧૭ ના વર્ષનું રીવાઈઝડ બજેટ મહેસુલી આવક / ડીપોઝીટ અને એડવાન્સીસનું રૂા.૫૭૮૨૬૬૭૫૦/– તથા મહેસુલી ખર્ચ / ડીપોઝીટ અને એડવાન્સીસનું રૂા.૫૮૯૮૬૮૦૦૦/–રીવાઈઝડ બજેટ મંજુર કરવા જનરલ બોર્ડને ભલામણ કરવાનું ઠરાવવામાં આવે છે.

સ.મ.મંજુર..

<u>કામ નં.– ૨.</u>

<u>વિષયઃ–</u>વલસાડ નગરપાલિકા વલસાડનું સને ૨૦૧૭–૨૦૧૮ ના વર્ષનું બજેટ મહેસુલી આવક / ડીપોઝીટ અને એડવાન્સીસનું રૂા.૧૦૫૯૩૮૨૦૦૦/– તથા મહેસુલી ખર્ચ / ડીપોઝીટ અને એડવાન્સીસનું રૂા.૯૯૯૯૦૧૦૦૦/– બજેટ મંજુર કરવા અંગે જરૂરી નિર્ણય થવા બાબત..

<u>ઠરાવ.:</u>

આ કામ કમીટીમાં રજુ થતાં ઠરાવ્યું કે, વલસાડ નગરપાલિકા વલસાડનું સને ૨૦૧૭–૨૦૧૮ ના વર્ષનું બજેટ મહેસુલી આવક / ડીપોઝીટ અને એડવાન્સીસનું રૂા.૧૦૫૯૩૮૨૦૦૦/– તથા મહેસુલી ખર્ચ / ડીપોઝીટ અને એડવાન્સીસનું રૂા.૯૯૯૯૦૧૦૦૦/– બજેટ મંજુર કરવા જનરલ બોર્ડને ભલામણ કરવાનું ઠરાવવામાં આવે છે.

સ.મ.મંજુર..

<u>કામ નં.– ૩ .</u>

<u>વિષયઃ–</u>ડ્રે.ક.ઠ.નં.૩૪ / તા.:૭– ૨–૨૦૧૭ ની ભલામણ મુજબ, માસ્તર રોડ ( જીતુભાઈના ઘરથી મેઈન લાઈન સુધી ) છીપવાડ, ખાતે ડ્રેનેજ લાઈન નાંખવા અંગેનો અંદાજીત ખર્ચ રૂા.૧,૨૪,૫૧૫/– પુરા મંજુર કરવા અંગે જરૂરી નિર્ણય થવા બાબત..

<u>ઠરાવ.:–</u>

ડ્રે.ક.ઠ.નં.૩૪ / તા.:૭– ૨–૨૦૧૭ ની ભલામણ મુજબ, વલસાડ નગરપાલિકા હદ વિસ્તાર માસ્તર રોડ ( જીતુભાઈના ઘરથી મેઈન લાઈન સુધી ) છીપવાડમાં વારંવાર ડ્રેનેજ લાઈન ઉભરાવવાની ફરીયાદ રહે છે. જેથી સદર વિસ્તારમાં રાહદારીઓને ઘણી તકલીફ પડે છે. સદર ગંભીર પરીસ્થિતી બાબતે સ્થળ તપાસ કરતા સદર લાઈનમાં ભંગાણ પડેલ છે. તેટલા ભાગે નવી લાઈન નાંખવાની જરૂરીયાત હોય, સદર લાઈન લોકહીતમાં તાત્કાલીક નાખી સમસ્યાનું નીવારણ લાવવાની જરૂરીયાત હોય. સદર વિસ્તારમાં ૮૦ (એસી) મીટર લંબાઈની ૧૨" ડાયાની લાઈન નાખવાની જરૂરીયાત હોય. સદર લાઈન નાંખવા અંગેનો અંદાજીત ખર્ચ રૂા.૧,૨૪,૫૧૫/– અંકે રૂા. એક લાખ, ચોવીસ હજાર, પાંચસો પુરા મંજુર કરી, સદરહું કામગીરી ૧૪માં નાણાંપંચ ગ્રાંટમાંથી કરાવવાનું મંજુર કરવા જનરલ બોર્ડને ભલામણ કરવાનું ઠરાવવામાં આવે છે.

સ.મ. મંજુર..

કામ નં.– ૪ .

વિષયઃ–ડ્રે.ક.ઠ.નં.૩૫ / તા.ઃ૭– ૨–૨૦૧૭ ની ભલામણ મુજબ,ગર્વમેન્ટ કોલોની પંપીગ સ્ટેશન, સહયોગ નગર પાસે ડ્રેનેજ લાઈન નાંખવા અંગેનો અંદાજીત ખર્ચ રૂા.૨,૩૧,૦૮૦/– પુરા મંજુર કરવા અંગે જરૂરી નિર્ણય થવા બાબત..

ઠરાવ.ઃ–

ડ્રે.ક.ઠ.નં.૩૫ / તા.ઃ૭– ૨–૨૦૧૭ ની ભલામણ મુજબ, વલસાડ નગરપાલિકા હદ વિસ્તાર ગર્વમેન્ટ કોલોની પંપીગ સ્ટેશન, સહયોગ નગર પાસે હાલે રોડ બ્રીજ બનાવવાની કામગીરી ચાલે છે. જેમાં જે.સી.બી. ઘ્વારા ખોદાણ કામ કરવામાં આવતા ડ્રેનેજ લાઈન ડેમેજ થયેલ છે. જેથી સ્થળ તપાસ કરતા તેટલા ભાગે નવી ડ્રેનેજ લાઈન નાખી કનેકટીવીટી ચાલુ કરી શકાય એમ છે. સદર સમસ્યાનું લોકહીતમાં તાત્કાલીક નીવારણ લાવવાનું હોય. સદર કામગીરી કરવા માટે સદર વિસ્તારમાં ૪૦ મીટર લંબાઈની ૧૮" ડાયાની લાઈન નાખવાની જરૂરીયાત હોય. સદર લાઈન નાંખવા અંગેનો અંદાજીત ખર્ચ રૂા.૨,૩૧,૦૮૦/– અંકે રૂા. બે લાખ, એકત્રીસ હજાર, એંસી પુરા મંજુર કરી, સદરહું કામગીરી ૧૪માં નાણાંપંચ ગ્રાંટમાંથી કરાવવાનું મંજુર કરવા જનરલ બોર્ડને ભલામણ કરવાનું ઠરાવવામાં આવે છે.

સ.મ. મંજુર..

કામ નં.– ૫.

વિષયઃ–ડ્રે.ક.ઠ.નં.૩૬ / તા.ઃ૭– ૨–૨૦૧૭ ની ભલામણ મુજબ, રામક્રિષ્ના એપાર્ટમેન્ટ ( વાઈટ હાઉસ પાસે), બેચરરોડ ખાતે ડ્રેનેજ લાઈન નાંખવા અંગેનો અંદાજીત ખર્ચ રૂા.૧,૨૪,૫૧૫/– પુરા મંજુર કરવા અંગે જરૂરી નિર્ણય થવા બાબત..

ઠરાવ.ઃ–

ડ્રે.ક.ઠ.નં.૩૬ / તા.ઃ૭– ૨–૨૦૧૭ ની ભલામણ મુજબ, વલસાડ નગરપાલિકા હદ વિસ્તાર રામક્રિષ્ના એપાર્ટમેન્ટ ( વાઈટ હાઉસ પાસે), બેચરરોડ ખાતે ડ્રેનેજ લાઈનની સુવિધા ન હોવાથી સદર વિસ્તાર સ્થળ તપાસ કરતા સદર એપાર્ટમેન્ટની લાઈનના છેવાડે આવેલ ચેમ્બરને મેઈન લાઈન સુધી નવી ડ્રેનેજ લાઈન ૮૦(એંસી) મીટર લંબાઈની ૧૨" ડાયાની લાઈન નાખવાની જરૂરીયાત હોય. સદર લાઈન નાંખવા અંગેનો અંદાજીત ખર્ચ રૂા.૧,૨૪,૫૧૫/– અંકે રૂા.એક લાખ, ચોવીસ હજાર, પાંચસો પંદર પુરા મંજુર કરી, સદરહું કામગીરી ૧૪માં નાણાંપંચ ગ્રાંટમાંથી કરાવવાનું મંજુર કરવા જનરલ બોર્ડને ભલામણ કરવાનું ઠરાવવામાં આવે છે.

સ.મ. મંજુર..

કામ નં.– ૬.

વિષયઃ– વલસાડ નગરપાલિકા હદ વિસ્તાર " અમીત સ્ટોરની સામે, ખત્રીવાડ,માં નવી ડ્રેનેજ લાઈન ૨૦(વીસ) મીટર લંબાઈની ૧૨" ડાયાની લાઈન નાંખવાનો અંદાજીત ખર્ચ રૂા.૨૯,૮૭૦/– મંજુર કરવા અંગે જરૂરી નિર્ણય થવા બાબત..

ઠરાવ.ઃ–

આ કામ કમીટીમાં રજુ થતાં ઠરાવ્યું કે, વલસાડ નગરપાલિકા હદ વિસ્તાર " અમીત સ્ટોરની સામે, ખત્રીવાડમાં વારંવાર ડ્રેનેજ લાઈન ઉભરાવવાની ફરીયાદ રહે છે. અને જયારે ત્યારે ચેમ્બર મારફતે ગંદુ પાણી બહાર નીકળી આવે છે જેથી ગંદકીનું પ્રમાણ રહે છે. જેથી સદર વિસ્તારમાં રાહદારીઓને ઘણી તકલીફ પડે છે. સદર ગંભીર પરીસ્થીતી બાબત સ્થળ તપાસ કરતા સદર લાઈન ઘણી જુની હોવાથી અમુક ભાગે ભંગાણ પડેલ છે. તેટલા

ભાગે નવી લાઈન નાખવાની જરૂરીયાત છે. સદર વિસ્તાર માટે નવી ડ્રેનેજ લાઈન ૨૦(વીસ) મીટર લંબાઈની ૧૨" ડાયાની લાઈન નાંખવાનો અંદાજીત ખર્ચ રૂા.૨૯,૮૭૦/– અંકે રૂા. ઓગણત્રીસ હજાર, આઠસો સીત્તેર પુરા મંજુર કરી, સદરહું કામગીરી ૧૪માં નાણાંપંચ ગ્રાંટમાંથી કરાવવાનું મંજુર કરવા જનરલ બોર્ડને ભલામણ કરવાનું ઠરાવવામાં આવે છે.

સ.મ.મંજુર..

<u>કામ નં.– ૭.</u>

<u>વિષયઃ–</u> વલસાડ નગરપાલિકા હદ વિસ્તાર " ભગવાનભાઈ માછીના ઘર પાછળ, દોડીયા ટેકરા" માં નવી ડ્રેનેજ લાઈન ૧૯૬(એકસો છન્નુ ) મીટર લંબાઈની ૧૨" ડાયાની લાઈન નાંખવાનો અંદાજીત ખર્ચ રૂા.૨,૯૯,૦૭૦/– મંજુર કરવા અંગે જરૂરી નિર્ણય થવા બાબત..

<u>ઠરાવ.:–</u>

આ કામ કમીટીમાં રજુ થતાં ઠરાવ્યું કે, વલસાડ નગરપાલિકા હદ વિસ્તાર " ભગવાનભાઈ માછીના ઘર પાછળ, દોડીયા ટેકરા, વિસ્તારમાં વારંવાર ડ્રેનેજ લાઈન ઉભરાવવાની ફરીયાદ રહે છે. જેથી સદર વિસ્તારમાં રાહદારીઓને ઘણી તકલીફ પડે છે. સદર ગંભીર પરીસ્થીતી બાબતે સ્થળ તપાસ કરતા સદર લાઈનમાં ભંગાણ પડેલ છે. તેટલા ભાગે નવી લાઈન નાખવાની જરૂરીયાત છે. સદર વિસ્તાર માટે નવી ડ્રેનેજ લાઈન ૧૯૬(એકસો છન્નુ) મીટર લંબાઈની ૧૨" ડાયાની લાઈન નાંખવાનો અંદાજીત ખર્ચ રૂા.૨,૯૯,૦૭૦/– અંકે રૂા. બે લાખ, નવ્વાણુ હજાર, સીત્તેર પુરા મંજુર કરી, સદરહું કામગીરી ૧૪માં નાણાંપંચ ગ્રાંટમાંથી કરાવવાનું મંજુર કરવા જનરલ બોર્ડને ભલામણ કરવાનું ઠરાવવામાં આવે છે.

સ.મ.મંજુર..

<u>કામ નં.– ૮.</u>

<u>વિષયઃ–</u> વલસાડ નગરપાલિકા હદ વિસ્તાર " સુઘડ ફળીયા થી દોડીયા ટેકરા પંપીગ સ્ટેશન " સુધીં નવી ડ્રેનેજ લાઈન ૧૮૫(એકસો પંચ્યાસી ) મીટર લંબાઈની ૧૮" ડાયાની લાઈન નાંખવાનો અંદાજીત ખર્ચ રૂા.૩,૩૬,૪૭૦/– મંજુર કરવા અંગે જરૂરી નિર્ણય થવા બાબત..

<u>ઠરાવ.:–</u>

આ કામ કમીટીમાં રજુ થતાં ઠરાવ્યું કે, વલસાડ નગરપાલિકા હદ વિસ્તાર " સુઘડ ફળીયા થી દોડીયા ટેકરા પંપીગ સ્ટેશન" સુધી મેઈન લાઈન જેમાં ખડકીભાગડા, શહીદચોક, વિગેરે વિસ્તારનું પાણી ભેગુ થઈ દોડીયા ટેકરા પંપીગ સ્ટેશન સુધી પાણી જાય છે. સદર લાઈન ઘણી જુની હોવાથી અમુક ભાગે ભંગાણ પડી જતાં અવાર નવાર ડ્રેનેજનું ગંદુ પાણી ચેમ્બર મારફતે બહાર ઉભરાય આવે છે જેથી ગંદકી ફેલાય અને રોગચાળો ફેલાવાનો ડર રહે છે. જેથી સદર વિસ્તારમાં રાહદારીઓને ઘણી તકલીફ પડે છે. સદર ગંભીર પરીસ્થિતી બાબતે સ્થળ તપાસ કરતા સદર લાઈનમાં ભંગાણ પડેલ છે. તેટલા ભાગે નવી લાઈન નાખવાની જરૂરીયાત છે. સદર વિસ્તાર માટે નવી ડ્રેનેજ લાઈન ૧૮૫(એકસો પંચ્યાસી ) મીટર લંબાઈની ૧૮" ડાયાની લાઈન નાંખવાનો અંદાજીત ખર્ચ રૂા.૩,૩૬,૪૭૦/– અંકે રૂા. ત્રણ લાખ, છત્રીસ હજાર, ચારસો સીત્તેર પુરા મંજુર કરી, સદરહું કામગીરી ૧૪માં નાણાંપંચ ગ્રાંટમાંથી કરાવવાનું મંજુર કરવા જનરલ બોર્ડને ભલામણ કરવાનું ઠરાવવામાં આવે છે.

સ.મ.મંજુર..

<u>કામ નં.– ૯.</u>

<u>વિષયઃ–</u> વલસાડ નગરપાલિકા હદ વિસ્તાર " ભુધર ભગવાનની ચાલ, ધરમપુર રોડ " વિસ્તારમાં નવી ડ્રેનેજ લાઈન ૨૧૫(બસો પંદર) મીટર લંબાઈની ૧૨" ડાયાની લાઈન નાંખવાનો અંદાજીત ખર્ચ રૂા.૩,૩૬,૫૧૫/– મંજુર કરવા અંગે જરૂરી નિર્ણય થવા બાબત..

<u>ઠરાવ.:–</u>

આ કામ કમીટીમાં રજુ થતાં ઠરાવ્યું કે, વલસાડ નગરપાલિકા હદ વિસ્તાર " ભુધર ભગવાનની ચાલ, ધરમપુર રોડ, વિસ્તારમાં વારંવાર ડ્રેનેજ લાઈન ઉભરાવવાની ફરીયાદ રહે છે. અને જયારે ત્યારે ચેમ્બર મારફતે ગંદુ પાણી બહાર નીકળી આવે છે. જેથી ગંદકીનું પ્રમાણ રહે છે. જેથી સદર વિસ્તારમાં રહીશોને ઘણી તકલીફ પડે છે. સદર ગંભીર પરીસ્થિતી બાબતે સ્થળ તપાસ કરતા સદર લાઈન ઘણી જુની હોવાથી અમુક ભાગે ભંગાણ પડેલ છે. તેટલા ભાગે નવી લાઈન નાખવાની જરૂરીયાત છે. સદર વિસ્તાર માટે નવી ડ્રેનેજ લાઈન ૨૧૫(બસ્સો પંદર ) મીટર લંબાઈની ૧૨" ડાયાની લાઈન નાંખવાનો અંદાજીત ખર્ચ રૂા.૩,૩૬,૫૧૫/– અંકે રૂા. ત્રણ લાખ, છત્રીસ હજાર, પાંચસો પંદર પુરા મંજુર કરી, સદરહું કામગીરી ૧૪માં નાણાંપંચ ગ્રાંટમાંથી કરાવવાનું મંજુર કરવા જનરલ બોર્ડને ભલામણ કરવાનું ઠરાવવામાં આવે છે.

સ.મ.મંજુર..

<u>કામ નં.– ૧૦.</u>

<u>વિષયઃ–</u> વલસાડ નગરપાલિકા હદ વિસ્તાર " પાંજરી ફળીયા, મોટા તાઈવાડ" વિસ્તારમાં નવી ડ્રેનેજ લાઈન ૨૩૩(બસો તેત્રીસ) મીટર લંબાઈની ૧૨" ડાયાની લાઈન નાંખવાનો અંદાજીત ખર્ચ રૂા.૩,૭૨,૭૮૦/– મંજુર કરવા અંગે જરૂરી નિર્ણય થવા બાબત..

<u>ઠરાવ.:–</u>

આ કામ કમીટીમાં રજુ થતાં ઠરાવ્યું કે, વલસાડ નગરપાલિકા હદ વિસ્તાર " પાંજરી ફળીયા, મોટા તાઈવાડ વિસ્તારમાં વારંવાર ડ્રેનેજ લાઈન ઉભરાવવાની ફરીયાદ રહે છે. અને જયારે ત્યારે ચેમ્બર મારફતે ગંદુ પાણી બહાર નીકળી આવે છે. જેથી ગંદકીનું પ્રમાણ રહે છે. જેથી સદર વિસ્તારમાં રહીશોને ઘણી તકલીફ પડે છે. સદર ગંભીર પરીસ્થિતી બાબતે સ્થળ તપાસ કરતા સદર લાઈન ઘણી જુની હોવાથી અમુક ભાગે ભંગાણ પડેલ છે. તેટલા ભાગે નવી લાઈન નાખવાની જરૂરીયાત છે. સદર વિસ્તાર માટે નવી ડ્રેનેજ લાઈન ૨૩૩(બસ્સો તેત્રીસ) મીટર લંબાઈની ૧૨" ડાયાની લાઈન નાંખવાનો અંદાજીત ખર્ચ રૂા.૩,૭૨,૭૮૦/– અંકે રૂા. ત્રણ લાખ,બોતેર હજાર, સાતસો એંસી પુરા મંજુર કરી, સદરહું કામગીરી ૧૪માં નાણાંપંચ ગ્રાંટમાંથી કરાવવાનું મંજુર કરવા જનરલ બોર્ડને ભલામણ કરવાનું ઠરાવવામાં આવે છે.

સ.મ.મંજુર..

<u>કામ નં.– ૧૧.</u>

<u>વિષયઃ–</u> વલસાડ નગરપાલિકાના વોર્ડ નં.–૪, મહેશભાઈના ઘરથી રાજેશભાઈ પટેલના ઘર સુધી, દોંડીયા ટેકરાવાળો વિસ્તાર રોડ / ગલીઓ રસ્તાને ટ્રીમીક્ષ રોડ બનાવવા અંગેનો અંદાજીત ખર્ચ રૂા.૧,૨૨,૨૧૦/– મંજુર કરવા અંગે જરૂરી નિર્ણય થવા બાબત..

ઠરાવ.:–

આ કામ કમીટીમાં રજુ થતાં ઠરાવ્યું કે, વલસાડ નગરપાલિકાના વોર્ડ નં.–૪, મહેશભાઈના ઘરથી રાજેશભાઈ પટેલના ઘર સુધી, દોંડીયા ટેકરાવાળો વિસ્તાર રોડ / ગલીઓ બિસ્માર હાલતમાં હોય તથા આજુ બાજુના રહીશોને આવવા–જવામાં તકલીફ પડતી હોય જે ધ્યાને લઈ સદર રસ્તાને ટ્રીમીક્ષ રોડ બનાવવો જરૂરી હોય, સદર કામગીરી અંગેનું આવેલ એસ્ટીમેઈટ રૂા.૧,૨૨,૨૧૦/– અંકે રૂા. એક લાખ, બાવીસ હજાર, બસો દશ પુરાનું મંજુર કરી, સદરહું કામગીરી ૧૪માં નાણાંપંચ ગ્રાંટમાંથી કરાવવાનું મંજુર કરવા જનરલ બોર્ડને ભલામણ કરવાનું ઠરાવવામાં આવે છે.

સ.મ.મંજુર..

કામ નં.– ૧૨.

વિષયઃ– વલસાડ નગરપાલિકાના વોર્ડ નં.–૪, જયોતિબેન સોલંકીના ઘર થી મંદિર સુધી, દોંડીયા ટેકરાવાળો વિસ્તાર રોડ / ગલીઓ રસ્તાને ટ્રીમીક્ષ રોડ બનાવવા અંગેનો અંદાજીત ખર્ચ રૂા.૩,૪૭,૧૮૮/– મંજુર કરવા અંગે જરૂરી નિર્ણય થવા બાબત..

ઠરાવ.:–

આ કામ કમીટીમાં રજુ થતાં ઠરાવ્યું કે, વલસાડ નગરપાલિકાના વોર્ડ નં.–૪,જયોતિબેન સોલંકીના ઘરથી મંદિર સુધી દોંડીયા ટેકરાવાળો વિસ્તાર રોડ / ગલીઓ બિસ્માર હાલતમાં હોય તથા આજુ બાજુના રહીશોને આવવા–જવામાં તકલીફ પડતી હોય જે ધ્યાને લઈ સદર રસ્તાને ટ્રીમીક્ષ રોડ બનાવવો જરૂરી હોય, સદર કામગીરી અંગેનું આવેલ એસ્ટીમેઈટ રૂા.૩,૪૭,૧૮૮/– અંકે રૂા. ત્રણ લાખ, સુડતાલીસ હજાર, એકસો અઠયાંસી પુરાનું મંજુર કરી, સદરહું કામગીરી ૧૪માં નાણાંપંચ ગ્રાંટમાંથી કરાવવાનું મંજુર કરવા જનરલ બોર્ડને ભલામણ કરવાનું ઠરાવવામાં આવે છે.

સ.મ.મંજુર..

કામ નં.– ૧૩.

વિષયઃ–વલસાડ નગરપાલિકાના વોર્ડ નં.–૮, અંબુનગર વિસ્તારમાં રોડ / ગલી રસ્તાને પેવરબ્લોકવાળો બનાવવા અંગેનો અંદાજીત ખર્ચ રૂા.૧૧,૪૮,૧૦૦/– મંજુર કરવા અંગે જરૂરી નિર્ણય થવા બાબત..

ઠરાવ.:–

આ કામ કમીટીમાં રજુ થતાં ઠરાવ્યું કે, વલસાડ નગરપાલિકાના વોર્ડ નં.–૮, અંબુનગર વિસ્તારમાં રોડ / ગલી બિસ્માર હાલતમાં હોય તથા સદર વિસ્તારના રહીશોને આવવા–જવામાં મુશ્કેલી પડતી હોય જે સંદર્ભે સદર વિસ્તારનો રસ્તો / ગલી પેવરબ્લોકવાળો બનાવવો જરૂરી હોય, જે કામગીરી અંગેનું આવેલ એસ્ટીમેઈટ રૂા.૧૧,૪૮,૧૦૦/– અંકે રૂા. અગીયાર લાખ, અડતાલીસ હજાર, એકસો પુરાનું મંજુર કરી, સદરહું કામગીરી ૧૪માં નાણાંપંચ ગ્રાંટમાંથી કરાવવાનું મંજુર કરવા જનરલ બોર્ડને ભલામણ કરવાનું ઠરાવવામાં આવે છે.

સ.મ.મંજુર..

કામ નં.– ૧૪.

વિષયઃ–અબ્રામા, રાજન નગર વિસ્તારમાં ઈશ્વરભાઈ પરદેશીના ઘર થી અશોકભાઈ ગજાનંદ સુધીનો રસ્તો પેવરબ્લોકવાળો બનાવવાના કામનો એસ્ટીમેઈટ રૂા.૨,૧૬,૩૦૦/– મંજુર કરવા અંગે જરૂરી નિર્ણય થવા બાબત..

<u>ઠરાવ.:–</u>

આ કામ કમીટીમાં રજુ થતાં ઠરાવ્યું કે, વલસાડ નગરપાલિકાના અબ્રામા, રાજનનગર વિસ્તારમાં નંદનવન સોસાયટીમાં અગાઉ પેવરબ્લોક બેસાડવામાં આવેલ હતા. પરંતુ નગરપાલિકા ધ્વારા ગટરલાઈન, પાણીની લાઈન નવી નાંખવામાં આવેલ. તે દરમ્યાન સદરહુ પેવરબ્લોકને નુકશાન થયેલ, સદરહુ વિસ્તારમાં પેવરબ્લોક બેસાડવાની જરૂર હોય, સદરહું વિસ્તારમાં ઈશ્વરભાઈ પરદેશીના ઘર થી અશોકભાઈ ગજાનંદ સુધીનો રસ્તો પેવરબ્લોકવાળો બનાવવાના કામનો આવેલ એસ્ટીમેઈટ રૂા.૨,૧૬,૩૦૦/– અંકે રૂા. બે લાખ, સોળ હજાર, ત્રણસો પુરાનું મંજુર કરી, સદરહું કામગીરી ૧૪માં નાણાંપંચ ગ્રાંટમાંથી કરાવવાનું મંજુર કરવા જનરલ બોર્ડને ભલામણ કરવાનું ઠરાવવામાં આવે છે.

સ.મ.મંજુર..

<u>કામ નં.– ૧૫.</u>

<u>વિષય:–</u>વલસાડ નગરપાલિકા ધ્વારા તા.:૧૮–૧૨–૨૦૧૬ ના રોજ સ્ટેડીયમ રોડ ખાતે હેપ્પી સ્ટ્રીટનું આયોજન કરવામાં આવેલ. સદરહું કાર્યક્રમમાં જરૂરી ફોટોગ્રાફી તેમજ વિડીયો શુટીંગની કામગીરીનું શ્રી અબ્દુલ કાદર હાસમાની,વલસાડનું આવેલ બીલ રૂા.૬,૪૯૪/– મંજુર કરવા અંગે જરૂરી નિર્ણય થવા બાબત..

<u>ઠરાવ.:–</u>

આ કામ કમીટીમાં રજુ થતાં ઠરાવ્યું કે,વલસાડ નગરપાલિકા ધ્વારા તા.:૧૮–૧૨–૨૦૧૬ ના રોજ સ્ટેડીયમ રોડ ખાતે હેપ્પી સ્ટ્રીટનું આયોજન કરવામાં આવેલ. સદરહું કાર્યક્રમમાં જરૂરી ફોટોગ્રાફી તેમજ વિડીયો શુટીંગની કામગીરી શ્રી અબ્દુલ કાદર હાસમાની,વલસાડ પાસે કરાવેલ. સદરહું કરાવેલ કામગીરીનું આવેલ બીલ રૂા.૬,૪૯૪/– અંકે રૂા. છ હજાર, ચારસો, ચોરાણુ પુરાનું ચુકવણું કરવા અંગેની જરૂરી કાર્યવાહી કરવાનું મંજુર કરવાનું ઠરાવવામાં આવે છે.

સ.મ.મંજુર..

<u>કામ નં.– ૧૬.</u>

<u>વિષય:</u>–નવીન નગર સેવા સદનનું લોકાપર્ણ તા.: ૨૭–૧૦–૨૦૧૬ ના રોજ માન.મુખ્યમંત્રીશ્રીના વરદહસ્તે કરવામાં આવેલ. સદર નવીન નગર સેવા સદન બિલ્ડીંગના શુસોભન માટે બિલ્ડીંગમાં જુદી જુદી જગ્યા પર કુંડા ભાડેથી નંગ–૨૪૦ મુકવામાં આવેલ. જેનું ભાડાનું બીલ રૂા. ૭૨૦૦/–પ.વ.ડી. ઈજનેરશ્રી હિતેશભાઈ પટેલે ચુકવણું કરેલ હોય જેનું બીલ બનાવવા અંગે જરૂરી નિર્ણય થવા બાબત..

<u>ઠરાવ.:–</u>

આ કામ કમીટીમાં રજુ થતાં ઠરાવ્યું કે, નવીન નગર સેવા સદનનું લોકાપર્ણ તા.: ૨૭–૧૦–૨૦૧૬ ના રોજ માન.મુખ્યમંત્રીશ્રીના વરદહસ્તે કરવામાં આવેલ. સદર નવીન નગર સેવા સદન બિલ્ડીંગના શુસોભન માટે બિલ્ડીંગમાં જુદી જુદી જગ્યા પર કુંડા ભાડેથી નંગ–૨૪૦ મુકવામાં આવેલ. સદરહુ ભાડેથી મુકવામાં આવેલ કુંડાનું આવેલ બીલ. રૂા.૭૨૦૦/–પુરાનું અત્રેની કચેરીએ આવેલ હોય,સદરહુ બીલનું ચુકવણું રોકડેથી પ.વ.ડી. ઈજનેરશ્રી હિતેશભાઈ પટેલે ચુકવણું કરેલ હોય સદરહું આવેલ રોકડ બીલનું ચુકવણું કરવા અંગેની જરૂરી આગળની કાર્યવાહી કરવાનું મંજુર કરવાનું ઠરાવવામાં આવે છે.

સ.મ.મંજુર..

..૭..

કામ નં.– ૧૭.

વિષયઃ–વલસાડ નગરપાલિકા સંચાલિત મહાત્મા ગાંધી સાર્વજનિક પુસ્તકાલયમાં વ્હાઈટ વોશ–ચુનો લાપી પુટ્ટી વિગેરેનો અંદાજીત ખર્ચ રૂા.૫૭૦૦/– મંજુર કરવા અંગે નિર્ણય થવા બાબત..

ઠરાવ.:–

આ કામ કમીટીમાં રજુ થતાં ઠરાવ્યું કે,વલસાડ નગરપાલિકા સંચાલિત મહાત્મા ગાંધી સાર્વજનિક પુસ્તકાલયમાં દર મહિને યોજવામાં આવતા સાહિત્યીક વાર્તાલાપ કાર્યક મનું આયોજન કરવામાં આવે છે. આ કાર્યક્રમમાં વકતા તરીકે કોલેજના આચાર્ય અને પ્રતિષ્ઠીત ડોકટરો અને સાહિત્યકારો વકતવ્ય માટે આવે છે. અને સાહિત્ય પ્રેમી રસિકો પણ મોટી સંખ્યામાં આવતા હોવાથી લાયબ્રેરીના સભા ખંડમાં તેઓ ધ્વારા સભાખંડમાં વ્હાઈટ વોશ–ચુનો મરાવવા માટે સુચન કરેલ છે. આ માટે વ્હાઈટ વોશ– ચુનો લાપી પુટ્ટી વિગેરેનો અંદાજીત ખર્ચ રૂા.૫૭૦૦/–અંકે રૂા. પાંચ હજાર, સાતસો પુરા મંજુર કરી, સદરહું કામગીરી કરાવવાનું મંજુર કરવાનું ઠરાવવામાં આવે છે.

સ.મ.મંજુર..

કામ નં.– ૧૮.

વિષયઃ– વલસાડ નગરપાલિકા સંચાલિત મહાત્મા ગાંધી સાર્વજનિક પુસ્તકાલયમાં જર્જરીત થયેલા તેમજ વાંચન માટે ઉપયોગ ન થઈ શકતું હોય તેવા ગ્રંથપાલશ્રીના રીપોર્ટમાં જણાવ્યા મુજબના પુસ્તકો દફતરેથી કમી કરવા અંગે જરૂરી નિર્ણય થવા બાબત..

ઠરાવ.:–

આ કામ કમીટીમાં રજુ થતાં ઠરાવ્યું કે,વલસાડ નગરપાલિકા સંચાલિતશ્રી મહાત્મા ગાંધી સાર્વજનિક પુસ્તકાલયમાં જર્જરીત થયેલા તેમજ વાંચન માટે ઉપયોગ ન થઈ શકતું હોય તેવા ગ્રંથપાલશ્રીના આ સાથે સામેલ જણાવ્યા પ્રમાણેની યાદી મુજબના પુસ્તકો દફતરેથી કમી કરવા અંગે જરૂરી આગળની કાર્યવાહી કરવાનું મંજુર કરવાનું ઠરાવવામાં આવે છે.

સ.મ.મંજુર..

કામ નં.– ૧૯.

વિષયઃ– વલસાડ નગરપાલિકાના હિસાબી શાખાની ઝેરોક્ષ નકલો, સ્પાઈરલ બાઈન્ડીંગ વિગેરેનું જુલાઈ–૨૦૧૬ થી જાન્યુઆરી–૨૦૧૭ સુધીનું હેપ્પી ઝેરોક્ષ, વલસાડનું બીલ રૂા.૮૩૦૬/– મંજુર કરવા અંગે જરૂરી નિર્ણય થવા બાબત..

ઠરાવ.:–

આ કામ કમીટીમાં રજુ થતાં ઠરાવ્યું કે, વલસાડ નગરપાલિકાના આવક નંબર.:૭૧૧૩ તા.:૦૬–૦૨–૨૦૧૭ થી હેપ્પી ઝેરોક્ષનું તા.:૦૧–૦૨–૨૦૧૭ નું જુલાઈ–૨૦૧૬ થી જાન્યુઆરી – ૨૦૧૭ સુધીનું હિસાબી શાખાનું રૂા.૮૩૦૬/–અંકે રૂા.આઠ હજાર, ત્રણસો છ પુરા નું ઝેરોક્ષ નકલો, સ્પાઈરલ બાઈન્ડીંગ વિગેરેનું બીલ આવેલ છે. સદરહુ ઉપરોકત આવેલ બીલની ચુકવણી કરવા અંગેની જરૂરી આગળની કાર્યવાહી કરવાનું મંજુર કરવાનું ઠરાવવામાં આવે છે.

સ.મ.મંજુર..

..૮..

કામ નં.– ૨૦.

વિષયઃ– મોગરાવાડી ખાતે સી.એલ.સી.સેન્ટર ( નેશનલ અર્બન લાઈવહૂડ મિશન ) બનાવવાના કામે આવેલ ટેન્ડરના ભાવ મંજુર કરવા અંગે જરૂરી નિર્ણય થવા બાબત..

ઠરાવ.ઃ–

આ કામ કમીટીમાં રજુ થતાં ઠરાવ્યું કે, નામદાર સરકારશ્રીની ગુજરાત અર્બન લાઈવલીહૂડ મિશન **(NULM)** યોજના હેઠળ નામદાર સરકારશ્રીના ગુજરાત અર્બન લાઈવલીહૂડ મિશન, ગાંધીનગરના પત્રક્રમાંક નં.– **GULM** / એડહોક / ગ્રાન્ટ ફાળવણી / ૨૦૧૪–૧૫ / ૧૫૦૪ / તા.ઃ ૧૧–૧૨–૨૦૧૪ થી વલસાડ નગરપાલિકાને રૂા. ૫૦.૦૦ લાખની ગ્રાન્ટની ફાળવણી કરવામાં આવેલ છે. સદરહું ફાળવેલ ગ્રાન્ટમાંથી મોગરાવાડી ખ ાતે સી.એલ.સી.સેન્ટર ( નેશનલ અર્બન લાઈવલીહૂડ મિશન ) બનાવવાના કામે નાયબ માહીતી ખાતા મારફતે ઓનલાઈન ટેન્ડરો મંગાવવામાં આવતાં એ અંગેના જરૂરી ટેન્ડર દસ્તાવેજો તા.ઃ૦૮–૧૨–૨૦૧૬ સુધીમાં મુદત દરમ્યાન કુલ–૨(બે) ટેન્ડર ડોકયુમેન્ટસ તા.ઃ૩૧–૦૧–૨૦૧૭ ના રોજ મે.ચેરમેનશ્રી, કારોબારી સમીતી તેમજ મે. પ્રમુખશ્રી રૂબરૂ ખુલ્લા કરવામાં આવેલ છે.

સદર ખુલ્લા કરવામાં આવેલ ટેન્ડરોનું તુલનાત્મક પત્રક જોતાં એકંદરે ટેન્ડરરશ્રી કીરીટ એમ.માંડવીયા, બી–૫૩, શીતલ પાર્ક સોસાયટી, પ્રજાપતિ વાડીની બાજુમાં, એરૂરોડ,વિજલપોર નવસારીના ટેન્ડર એસ્ટીમેઈટની રકમ રૂા. ૨૧,૯૬,૭૦૦/– થી ૨૨.૪૪% નીચા ભાવથી આવેલ રકમ રૂા. ૧૭,૦૩,૭૬૦/– ભાવથી ટેન્ડર મંજુર કરી, જરૂરી આગળની કાર્યવાહી કરવાનું મંજુર કરવાનું ઠરાવવામાં આવે છે.

સ.મ.મંજુર..

કામ નં.– ૨૧.

વિષયઃ– સ્વચ્છ ભારત મિશન અંતર્ગત સોલીડ વેસ્ટ મેનેજમેન્ટ અન્વયે થનાર ખર્ચમાં મહાનગરપાલિકા/ નગરપાલિકાના હિસ્સાની ચુકવણી બાબતે સંમતિ આપવા અંગે જરૂરી નિર્ણય થવા બાબત..

ઠરાવ.ઃ–

આ કામ કમીટીમાં રજુ થતાં ઠરાવ્યું કે, સ્વચ્છ ભારત મિશન અંતર્ગત ભારત સરકારે રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધીજીની ૧૫૦ મી જન્મ જયંતિ નિમિત્તે રાજયના શહેરી વિસ્તારોને ૨જી. ઓકટોબર –૨૦૧૯ સુધીમાં હરીયાળા અને સ્વચ્છ બનાવવા માટે સ્વચ્છ ભારત મિશનની રચના કરેલ છે. સ્વચ્છ ભારત મિશન અંતર્ગત રાજયની તમામ નગરપાલિકાઓમાં ધન કચરાના નિકાલ માટે એકત્રીકરણ , પરીવહન, ટ્રીટમેન્ટ અને નિકાલની વ્યવસ્થાને સુદઢ કરી રાજયના તમામ શહેરોને ઝીરો સીટી બનાવવાનો નિર્ધાર કરેલ છે. સોલીડ વેસ્ટ મેનેજમેન્ટ અંતર્ગત ભારત સરકાર ધ્વારા પરકેપીટા રૂા. ૧૨૦૦/– લેખે પ્રોજેકટ કોસ્ટ નકકી કરેલ છે. સ્વચ્છ ભારત મિશન અંતર્ગત ભારત સરકારે સોલીડ વેસ્ટ મેનેજમેન્ટના ઘટક માટે મિશન પીરીયડ દરમ્યાન કુલ રૂા. ૫૩૬.૨૨ કરોડની ફાળવણી કરેલ છે. આપણી નગરપાલિકા ધ્વારા રજુ કરેલ વિગતોના આધારે એપેક્ષ / હાઈ પાવર કમીટીની મંજુરી મેળવેલ છે અને આ એપેક્ષ / હાઈ પાવર કમીટીએ સોલીડ વેસ્ટ મેનેજમેન્ટ માટે નીચે મુજબ સહાયના ધોરણે નકકી કરેલ છે.

..૯..

| ક્રમ | મહા ન.પા / ન.પાની વિગત | ભારત સરકારની સહાય | રાજય સરકારનો ફાળો | મહા.ન.પા / ન.પા.નો ફાળો |
|---|---|---|---|---|
| ૧ | ૧૬૨ નગરપાલિકા | ૩૫% | ૫૫% | ૧૦% |
| ૨ | ૪ મોટી મહા નગરપાલિકા( અમદાવાદ,સુરત,વડોદરા, રાજકોટ ) | ૩૫% | ૨૫% | ૪૦% |
| ૩ | ૪ નાની મહા.ન.પાલિકા | ૩૫% | ૩૫% | ૩૦% |

સોલીડ વેસ્ટ મેનેજમેન્ટ અંતર્ગત ભારત સરકર ધ્વારા ૫ર કેપીટા રૂા.૧૨૦૦/– લેખે પ્રોજેકટ કોસ્ટ નકકી કરેલ છે આ ઉપરાંત થનાર ખર્ચ નગરપાલિકાએ ભોગવવાનો રહેશે એવુ નકકી કરેલ છે રાજય સરકાર ધ્વારા આ અંગેનું ટેન્ડર બહાર પાડનાર છે. ઉપરોકત જણાવ્યા મુજબ આપણી નગરપાલિકા નામ સામે જણાવેલ ફાળાની રકમ અંગેનું આવેલ કામ મંજુર કરવા જનરલ બોર્ડને ભલામણ કરવાનું ઠરાવવામાં આવે છે.

સ.મ.મંજુર..

<u>વ.કા.નં.–૧.</u>

<u>વિષયઃ–</u>વોર્ડ નં.–૬ના સભ્યશ્રી બેલાબેન દિનકરરાય દેસાઈનું સભ્યપદેથી આવેલ રાજીનામા બાબત..

<u>ઠરાવ.ઃ–</u>

આ કામ કમીટીમાં રજુ થતાં ઠરાવ્યું કે, સભ્યશ્રી બેલાબેન ડી.દેસાઈની તા.ઃ૨૮–૨–૨૦૧૭ ના રોજ અરજીમાં જણાવ્યા મુજબ, વલસાડ નગરપાલિકાના વોર્ડ નં.–૬, ના સભ્યપદેથી રાજી ખુશીથી રાજીનામું આપું છું. તે સહર્ષ સ્વીકારશો એવું જણાવેલ છે. સદર બાબતે નગરપાલિકાના પટાવાળા શ્રી મહેશભાઈ એમ. પટેલને પ્રમુખશ્રીએ સભ્યશ્રી બેલાબેન દેસાઈને રૂબરૂ ચર્ચા કરવા માટે બોલવવા મોકલ્યાં હતાં. તેમ છતાં તેઓ રૂબરૂ હાજર રહેલ નથી અને વધુમાં તેઓએ જણાવેલ છે કે મારે રૂબરૂ કોઈ ચર્ચામાં હાજર રહેવું નથી. અને મેં પ્રેસનોટ આપી દીધી છે. જેથી મારે રૂબરૂ આવવાની જરૂર નથી એવું પટાવાળાશ્રીને જણાવેલ છે. તેમજ તા.ઃ૪–૩–૧૭ થી રાજીનામું પરત ખેંચવાની અરજી આપેલ છે. જે અન્વયે પ્રમુખશ્રીએ જણાવ્યું કે, બેલાબેને કયા કારણોસર રાજીનામું આપ્યું અને કયા કારણોસર રાજીનામું પરત ખેંચવામાં આવ્યું.

ઉપરોકત કામે આજની કારોબારી સમીતીની મીટીંગમાં ચર્ચા કરતાં સદર બાબત સખ્ત શબ્દોમાં વખોડી કાઢ વામાં આવે છે. અને સદરહું સભ્યશ્રી બેલાબેન ડી દેસાઈના રાજીનામુ બાબતે વધુ ચર્ચા માટે જનરલ બોર્ડ તરફ સાદર રવાના કરવામાં આવે છે.

સ.મ.મંજુર..

<u>વ.કા.નં.–૨.</u>

<u>વિષયઃ–</u> તા.ઃ૯–૩–૨૦૧૭ ના રોજ " સંદેશ દૈનિક પેપરમાં " છપાયેલ પ્રેસનોટ બાબત..

<u>ઠરાવ.ઃ</u>

તા.ઃ૯–૩–૨૦૧૭ ના રોજ મળેલ કારોબારી કમીટીમાં એજન્ડાના કામો કામ નં.૧ થી ૨૧ સુધીના શહેરના વિકાસના કામો મંજુર કરી વિકાસના કામોને વેગ મળેલ છે.

આજરોજ તા.ઃ૦૯–૦૩–૨૦૧૭ ને ગુરૂવારના રોજ "સંદેશ સમાચાર દૈનિક પત્રમા" આપેલ સમાચારમાં મીડીયાને ગેરમાર્ગે દોરવા બદલ વોર્ડ નં.–૬ ના સભ્યશ્રી બેલાબેન ડી. દેસાઈ ધ્વારા સંદેશ દૈનિક પત્રને ગેરમાર્ગે

..૧૦..

દોરવામાં આવેલ છે. જે ડ્રેનેજનું કામ શીતળામાતા શેરીમાં કરવામાં આવેલ છે. તે જાહેર હિતના કામો સ્થાનીક સભ્યશ્રીની તેમજ જાહેર જનતાની રજુઆતોથી જાહેર હિત માટે થતા આવેલ છે. વોર્ડ નં.–૬ ના શીતળામાતા શેરીમાં ડ્રેનેજનું જે કામ કરેલ છે તે પુર્ણ થયેલ છે.અને તબકકાવાર આગળ–પાછળની લાઈન પણ નાંખવામા આવેલ છે. છતાં આજ સુધી કોન્ટ્રાકટરને કોઈપણ બીલનું ચુકવણું થયેલ નથી. છતાં સમાચાર પત્રને ગેરમાર્ગે દોરી પ્રજામાં સત્યથી વેગળા સમાચારો એક ચુટાયેલ સભ્ય તરીકે સમગ્ર નગરપાલિકાના પ્રમાણીક વહીવટ માટે નગરપાલિકાની છબી બગાડવાનો બાલીશ પ્રયાસ થયેલ છે જે ચુટાયેલ સભ્ય તરીકે એમને શોભાસ્પદ નથી કારણ કે આ કામ સભ્યશ્રી બેલાબેન દેસાઈના વોર્ડ અને વિસ્તારનું તેઓશ્રીના તેમજ સ્થાનીક સભ્યોની રજુઆતથી સદર કામ થયેલ છે જેથી આજની કારોબારી કમીટીએ સંદેશ દૈનિક પેપરમાં છપાયેલ સમાચારને સખ્ત રીતે વખોડી કાઢી રદીયો આપવામાં આવે છે.

સ.મ.મંજુર..

<u>વ.કા.નં.–૩.</u>

<u>વિષય:–</u> વો.વ.ક.ઠ.નં.૨૧૪ / તા.:૨૭–૦૨–૨૦૧૭ ની ભલામણ મુજબ, વ.ન.પા. હદ વિસ્તાર બેચર રોડના છેવાડે આવેલ પે એન્ડ યુઝ ટોયલેટ સુધી ૩" ડાયાની નવી પાણી પાઈપ લાઈન નાંખવાના માટે માલસામાન ખરીદ કરવા અંગેનો અંદાજીત ખર્ચ રૂા.૨,૦૯,૬૭૨/– મંજુર કરવા બાબત..

<u>ઠરાવ.:</u>

વો.વ.ક.ઠ.નં.૨૧૪ / તા.:૨૭–૦૨–૨૦૧૭ ની ભલામણ મુજબ, વ.ન.પા. હદ વિસ્તાર બેચર રોડના છેવાડે આવેલ પે એન્ડ યુઝ ટોયલેટ વિસ્તાર તેમજ તેની સામેના વિસ્તારમાં હાલે ઘણા સમયથી પાણીના પ્રેશરની ફરીયાદ રહે છે, સદર વિસ્તારમાંના હરીશભાઈના ઘરથી પે એન્ડ યુઝ ટોયલેટ સુધી ૩" ડાયાની નવી પાણી પાઈપ લાઈન નાંખવાના માટે માલસામાન અંગેના ભાવો 'બ' વિભાગના વો.વ.ક.ઠ.નં.૯૦ / તા.:૨૧–૦૯–૨૦૧૬ થી વસંત હાર્ડવેર એન્ડ જનરલ સ્ટોર્સ, વલસાડના અને મજુરી કામના ખરીદીના અંદાજીત ખર્ચના ૪૦% મુજબ રૂા.૫૯,૯૦૬/– થાય છે. એમ કુલ અંદાજીત ખર્ચનો રૂા.૨,૦૯,૬૭૨/– અંકે રૂા. બે લાખ, નવ હજાર, છસો બોતેર પુરાનું મંજુર કરવા જનરલ બોર્ડને ભલામણ કરવાનું ઠરાવવામાં આવે છે.

સ.મ.મંજુર..

<u>વ.કા.નં.–૪.</u>

<u>વિષય:–</u> વલસાડ નગરપાલિકા સંચાલીત વારીગૃહ શાખા ધ્વારા ટ્રાન્સફોર્મર રીપેરકામ માટે " અક્ષર ટ્રાન્સફોર્મર, સચીન " તરફથી કવોટેશન અત્રેની કચેરીએ આવક નં.૭૫૮૭ / તા.:૦૨/૦૩/૨૦૧૭ થી રૂા.૯૫,૧૮૬/– રજુ થયેલ છે. જે મંજુર કરવા બાબત..

<u>ઠરાવ.:</u>

વલસાડ નગરપાલિકા સંચાલીત વારીગૃહ શાખા ધ્વારા શહેરીજનોને દિવસના ૦૨(બે) સમય પીવાના પાણીનો સપ્લાય આપવામાં આવે છે. વલસાડ નગરપાલિકા સંચાલીત વોટર ટ્રીટમેન્ટ પ્લાન્ટ ઔરંગા નદી કીનારે બનાવવામાં આવેલ છે. સદર પ્લાન્ટ ૨૪ કલાક કાર્યરત રહે છે. સદર પ્લાન્ટ ચલાવવા માટે ડી.જી.વી.સી.એલ. તરફથી આપવામાં આવતા વીજ પુરવઠાને ટ્રાન્સફોર્મરનો ઉપયોગ કરવામાં આવે છે. તા.:૨૩ / ૦૨/૨૦૧૭ ના રાત્રીના સમયે એકાએક ઈલેકટ્રીક ફોલ્ટ આવતા ટ્રાન્સફોર્મર બંધ પડેલ છે અને પ્લાન્ટ બંધ થયેલ. સદર સમસ્યાનું નીવારણ લાવવા ડી. જી. વી.સી.એલ.ના ટેકનીશીયનને બોલાવી જરૂરી તપાસ કરાવેલ તેમાં

..૧૧..

ટ્રાન્સફોર્મરમાં ઈલેકટ્રીક ફોલ્ટ આવતા કોઈલ ડેમેજ થયેલ એમ જાણવા મળેલ. સદર પરીસ્થીતી ઈમરજન્સી હોવાથી ટ્રાન્સફોર્મરના રીપેરર એજન્સીની તપાસ કરેલ. સદર ટ્રાન્સફોર્મર રીપેર કરવા માટે સુરત ખાતે " અક્ષર ટ્રાન્સફોર્મર , સચીન" નો સંપર્ક કરેલ. સદર એજન્સીના ટેકનીશીયનને બોલાવી તપાસ કરાવતા સદર ટ્રાન્સફોર્મર વર્કશોપ પર લઈ જઈ રીવાઈન્ડીંગ, ઓઈલ ફીલ્ટ્રેશન તેમજ જરૂરી રીપેરકામ કરવાની જરૂરીયાત છે. સદર કામગીરી કરવા માટે તેઓશ્રી ધ્વારા પ્લાન્ટ ચલાવવા માટે સર્વીસ ટ્રાન્સફોર્મર આપવામાં આવેલ છે અને હાલે પ્લાન્ટ ચાલુ છે. સદર બંધ પડેલ ટ્રાન્સફોર્મર રીપેરકામ માટે" અક્ષર ટ્રાન્સફોર્મર, સચીન " તરફથી કવોટેશન અત્રેની કચેરીએ આવક નં.૭૫૮૭ / તા.:૦૨/૦૩/૨૦૧૭ થી રૂા.૯૫,૧૮૬/– રજુ થયેલ છે. સદર એજન્સીના કવોટેશન મંજુર કરી વર્કઓર્ડર આપી કામગીરી કરાવવા અંગેની જરૂરી આગળની કાર્યવાહી કરવાનું મંજુર કરવા જનરલ બોર્ડને ભલામણ કરવાનું ઠરાવવામાં આવે છે.

સ.મ.મંજુર..

વ.કા.નં.–૫.

વિષયઃ– નવા જાહેર શૌચાલયો બનાવવા બાબત..

ઠરાવ.ઃ

વલસાડ નગરપાલિકાના નીચે જણાવેલ જુદા જુદા વોર્ડ વિસ્તારમાં આવેલ જાહેર શૌચાલયો ઘણા જુના હોઈ જર્જરીત થઈ ગયેલ હોય તેને કારણે આ વિસ્તારના નાગરીકોને મુશ્કેલી પડે છે જે તોડીને નવા શૌચાલય બનાવવાની જરૂરીયાત ઉપસ્થિત થયેલ છે.

| અ.નં. | વોર્ડ નંબર. | વિસ્તાર | નવા શૌચાલય બનાવવાની સંખ્યા. |
|---|---|---|---|
| ૧ | ૧ | બંદર રોડ પાણીની ટાંકી પાસે | ૦૬ |
| ૨ | ૩ | ગીતાસદન પાછળના ભાગે | ૦૬ |
| ૩ | ૩ | ગીતાસદન રોડ, સોમા રવલાવાળા | ૦૪ |
| ૪ | ૩ | રામવાડી પાણીની ટાંકી પાસે | ૦૨ |
| ૫ | ૪ | ખડકીભાગડા પાછળ ઈશ્વરભાઈ ડ્રાઈવરના ઘર પાસે | ૦૮ |
| ૬ | ૫ | રાખોડીયા તળાવ સભ્યશ્રી રમેશભાઈના ઘર પાસે | ૦૪ |
| | | કુલ... | ૩૦ |

ઉપરોકત કામે પ.વ.ડી. શાખાના ઈજનેર પાસે એસ્ટીમેઈટ કરાવતા એક શૌચાલય દીઠ રૂા.૩૪૬૧૦/–પુરાનું એસ્ટીમેઈટ આપેલ છે. તે જોતાં ૩૦ નવા શૌચાલય બનાવવાનો અંદાજીત ખર્ચ રૂા.૧૦,૩૮,૩૦૦/– જેટલો થાય તેમ છે જે વિદીત થતા આ ખર્ચ સ્વભંડોળમાંથી કે ગ્રાન્ટ માં પકડી બજેટ જોગવાઈ કરી, જરૂરી આગળની કાર્યવાહી કરવાનું મંજુર કરવા જનરલ બોર્ડને ભલામણ કરવાનું ઠરાવવામાં આવે છે.

સ.મ.મંજુર..

વ.કા. નં.– ૬.

વિષયઃ– ઈ ઓળખ– ગુજરાત સિવિલ રજીસ્ટ્રેશન સીસ્ટમ જન્મ–મરણ નોંધણીની ગ્રાંન્ટ ઈન એઈડ ફાળવવા બાબત..

..૧૨..



ઠરાવઃ–

નામદાર સરકારશ્રીના આરોગ્ય તબીબી સેવાઓ શિક્ષણ વિભાગ ગાંધીનગરના પત્ર ક્રમાંક એસબીએચઆઈ / જીસીઆરએસ / ઈ–ઓળખ / અનુદાન / ન.પા. / વીએસ / ૨૦૧૪ / ૫૦૫૦ / ૫૧૦૨ / તા.: ૧૩ / ૧૦ /૨૦૧૬ મુજબ ઈ ઓળખ ગુજરાત સિવિલ રજીસ્ટ્રેશન સીસ્ટમ અમલમાં મુકેલ છે તે અંતર્ગત જન્મ મરણની નોંધણી ઓનલાઈન કરવાની થાય છે અને તે માટે ડેટા એન્ટ્રી ઓપરેટરની નિમણુંક કરવા જણાવેલ છે ડેટા એન્ટ્રી ઓપરેટ કરનારને નોંધણી દીઠ રૂા. ૩/– ની ચુકવણી કરવા જણાવેલ છે અને તે માટે નગરપાલિકાને રૂા.૧,૦૦,૦૦૦/–ની ગ્રાંટ ફાળવવામાં આવેલ છે.

નામદાર સરકારશ્રીની સુચના અને ગાઈડ લાઈન મુજબ જન્મ મરણની નોંધણીની ઓનલાઈન ડેટા એન્ટ્રી કરવી ફરજીયાત હોય તે બાબતે ધ્યાને લઈ તે સમયના ઈ.ચા. ચીફ ઓફીસરશ્રીએ સે.જા.નં.૩૩૪ / તા.:૨૨–૧૧–૨૦૧૬થી આ ડેટા એન્ટ્રીની કામગીરી માટે ચૈતાલી અશોક શુકલ, વલસાડને કામગીરી કરવા માટે ઓર્ડર કરેલ છે. તે ઓર્ડરની નોંધ લઈ, કામગીરી મુજબ ચુકવણી કરવા અંગેની જરૂરી આગળની કાર્યવાહી કરવાનું મંજુર કરવાનું ઠરાવવામાં આવે છે.

સ.મ.મંજુર..

<u>વ.કા. નં.– ૭.</u>

<u>વિષયઃ–</u> વારીગૃહ હેડ વર્કસ ખાતે આવેલ પ્યોરીફીકેશન પ્લાન્ટમાં વપરાતો બ્લીચીગ પાવડર તથા ફટકડીના ટેસ્ટીગ ચાર્જના રોકડેથી ચુકવણું (ડી.ડી.) થી કરવાનું બીલ રૂા.૯૨૫૭/– મંજુર કરવા બાબત..

<u>ઠરાવઃ–</u>

વારીગૃહ હેડ વર્કસ ખાતે આવેલ પ્યોરીફીકેશન પ્લાન્ટમાં વપરાતો ૩૩% થી ૩૫% વાળો બ્લીચીગ પાવડર સને ૨૦૧૬–૧૭ ના વર્ષ માટે ખરીદ કરવા માટે " શ્રી વામઈન્ડસ્ટ્રીસ, રાજકોટ " ના ભાવો વો.વ.ક.ઠ.નં.૬૫/ તા.: ૦૩–૦૮–૨૦૧૬ થી તેમજ ૧૬ થી ૧૭% ફટકડીનો ભાવ વો.વ.ક.ઠ.નં.૬૪ / તા.: ૦૩–૦૮–૨૦૧૬ થી " ઠકકર ઈન ઓર્ગેનીક પ્રા.લી.મુંબઈ" ના ભાવ મંજુર કરેલ છે. સદર મંજુર થયેલ ભાવ મુજબ બ્લીચીંગ પાવડર વો.વ.જા.નં.૧૬૫ / તા.:૦૬/૧૨/૨૦૧૬ થી ૧૦ મે.ટન અને વો.વ. જા. નં.૧૯૩ / તા.: ૨૩/૦૧/૨૦૧૭ વર્કઓર્ડર આપી ૧૦ મે.ટન એમ કુલ ૨૦ મે. ટન ખરીદ કરેલ છે. તેમજ વો.વ.જા.નં.૧૬૬ / તા.:૦૬–૧૨–૨૦૧૬ થી ૧૦૦ મે. ટન ફટકડી સપ્લાય કરવા વર્કઓર્ડર આપેલ તે પૈકી ૬૩.૯૬૫ મે. ટન ફટકડી સપ્લાય કરેલ છે. સદર આવેલ બ્લીચીંગ પાવડર તેમજ ફટકડીના જથ્થામાંથી બન્નેનાં સેમ્પલ લઈ " ગુજરાત ઈન્ડસ્ટ્રીયલ રીસર્ચ ડેવલોપમેન્ટ એજન્સી, વડોદરા" ની લેબમાં ટેસ્ટીંગ કરાવવા તેમજ સદર લેબમાં બ્લીચીંગ પાવડરના ટેસ્ટીંગ ચાર્જ અગાઉ મુજબ રૂા.૫,૨૦૦/– તેમજ ફટકડીના ટેસ્ટીંગ ચાર્જ અગાઉ મુજબ રૂા.૨૮૫૦/– કુલ ટેક્ષ મળી કુલ રૂા.૯,૨૫૭/– થાય છે. તે અંગે બ્લીચીંગ પાવડર તેમજ ફટકડીના ટેસ્ટીંગ ચાર્જ રોકડેથી ચુકવણું ((ડી.ડી.) થી કરવા બીલ બનાવવા અંગેની જરૂરી આગળની કાર્યવાહી કરવાનું મંજુર કરવાનું ઠરાવવામાં આવે છે.

સ.મ.મંજુર..

<u>વ.કા. નં.– ૮.</u>

<u>વિષયઃ–</u> વો.વ. ક.ઠ.નં.૧૮૮ / તા.:૦૯/૦૧/૨૦૧૭ ની ભલામણ મુજબ વારીગૃહ હેડ વર્કસ અબ્રામા ખાતે ૬.૫ એમ.એલ.ડી. વોટર ટ્રીટમેન્ટ પ્લાન્ટના રો.વોટર પ્લાન્ટનાં ઈન્ટેકવેલમાં પાણીનું લેવલ નીચે જતાં કાલીદાસ કેશવ માંગેલાનું રેતી કાઢવાનું મશીન ૫–પાંચ દિવસ ચલાવી ઈન્ટેકવેલમાં પાણી પુરું પાડેલ જે અંગે થયેલ કામગીરીને બહાલી આપી તેમનું મશીન ભાડાનું બીલનું ચુકવણું કરવા બાબત..

..૧૩..



<u>ઠરાવઃ–</u>

વો.વ. ક.ઠ.નં.૧૮૮ / તા.:૦૯/૦૧/૨૦૧૭ ની ભલામણ મુજબ વારીગૃહ હેડ વર્કસ અબ્રામા ખાતે નદીમાં પાણીનું લેવલ ઓછું થવાથી તેમજ નહેરના પાણીનું રોટેશન ન મળતા ૬.૫ એમ.એલ.ડી. વોટર ટ્રીટમેન્ટ પ્લાન્ટના રો.વોટર પ્લાન્ટનાં ઈન્ટેકવેલમાં પાણીનું લેવલ નીચે જતાં ઈમરજન્સીમાં કાલીદાસ કેશવ માંગેલાનું રેતી કાઢવાનું ૪૦૦ કે.વી.એ.નું મશીન હોડી સાથે ફીટ કરેલ ડેમમાં સ્થળ પર લાવી તા.: ૧૨–૨–૨૦૧૬ થી તા.:૧૬–૨–૨૦૧૬ સુધી દિન– ૫–(પાંચ) માટે ચલાવી ઈન્ટેકવેલમાં પાણી પુરુ પાડેલ. જેથી શહેરીજનોને પીવાના પાણીનો પુરવઠો પુરો પાડી શકેલ. સદર કામગીરી અંગે મશીન હોડી સાથે. ફીટીગનાં પ્રતિ એક કલાકનાં રૂા.૪૦૦/–મુજબ પાંચ દિવસ દરમ્યાન કુલ–૫૦ કલાક કામગીરી કરેલ. જેનું કુલ રૂા.૨૦,૦૦૦/–અંકે રૂા. વીસ હજાર પુરાનું શ્રી કાલીદાસ કેશવ માંગેલાનું બીલ આવેલ છે. ઉપરોકત કામગીરી અરજન્ટ અને તાત્કાલીક કરવાની હોવાથી સદર કામગીરી અંગેના ભાવો મંજુર કરાવેલ નથી. તથા સદર કમગીરીનો વર્કઓર્ડર આપવામાં આવેલ નથી. જેથી સદર કામગીરી આકસ્મીક અને લોકહીતમાં કરાવેલ છે. જે કરાવેલ કામગીરીને બહાલ રાખી આવેલ બીલનું ચુકવણું કરવા અંગેની જરૂરી કાર્યવાહી કરવાનું મંજુર કરવાનું ઠરાવવામાં આવે છે.

સ.મ.મંજુર..

<u>વ.કા. નં.–૯</u>

<u>વિષય:</u>– માહે જુલાઈ માસમાં ૫% રીબેટ આપવા બાબત..

<u>ઠરાવ.:–</u>

નગરપાલિકાના પ્રર્વતમાન નિયમ મુજબ માંગણાની નોટીશ કરદાતાઓને મળે ત્યારથી એક માસ સુધી ચાલુ વર્ષના વેરામાં રીબેટ આપવાની જોગવાઈ છે અને નગરપાલિકા ધ્વારા સામાન્યતઃ મે –માસમાં તમામ કરદાતાઓને માંગણા બીલો પહોંચતા કરી દેવામાં આવે છે જેથી જુન માસમાં ૧૦% અને જુલાઈ માસમાં ૫% રીબેટ આપવામાં આવે છે.

સરકારશ્રી ધ્વારા વેરા વસુલાતની રીકવરી ઝડપી બનાવવા માટે જુન માસમાં ૧૦% રીબેટ આપવાનું નિયત થયેલ છે જેમા સારો પ્રતિસાદ મળી આવેલ છે. સદર રીબેટ અંગેની જુલાઈ માસમાં ૫% રીબેટ આપવામાં આવે જેના કારણે વેરા વસુલાત ઝડપી થાય એમ છે. તેવા શુભ આશયથી આગામી સને ૨૦૧૭–૧૮ ના વર્ષમાં આપવામાં આવે તો બાકી વેરા વસુલાતમાં સારો પ્રતિસાદ મળવાની સંભાવનાઓ રહેલ છે. જે ધ્યાનમાં લઈ અગાઉની સામાન્ય સભા તા.:૨૭–૭–૨૦૧૬ ના ઠરાવ નં.:૪૭ થી વલસાડ નગરપાલિકાને રીબેટ આપવા અંગે નિયમોમાં સુધારો કરવામાં આવેલ છે. આ ઠરાવમાં ચર્ચા મુજબ વિગતો નોંધવામાં શરત ચુકથી ભુલ રહી જવા પામેલ છે. જે વંચાણમાં લઈ જરૂરી ચર્ચા કરવામાં આવી.

સદર ઠરાવમાં વધુ ચર્ચા–વિચારણાના અંતે અગાઉના વર્ષમાં આપવામાં આવેલ જુલાઈ માસમાં વધારાના ૫% રીબેટ મંજુર કરવા ઉપરાંત આગામી વર્ષ–૨૦૧૭–૧૮ માં પણ માહે જુલાઈ માસમાં ૫% રીબેટ આપવા અને ત્યારબાદ આગામી વર્ષમાં પણ માહે જુલાઈ માસમાં ૫% રીબેટ આપવાનું ઠરાવવામાં આવેલ હતું. પરંતુ કારકુનની શરતચુકથી થયેલ ભુલના કારણે આ મહત્વના શબ્દમાં ઠરાવમાં સમાવેશ કરવાનો રહી ગયેલ હતો. જેથી સદર ઠરાવ નં.૪૭ / ૨૭–૭–૨૦૧૬ ના જરૂરી સુધારો કરવા માટે ઉપર મુજબના શબ્દનો ઉપયોગ કરવાનો સામાન્ય સભાની મંજુરતની અપેક્ષાએ મંજુર કરવાનું ઠરાવવામાં આવે છે.

સ.મ.મંજુર..

..૧૪..

વ.કા. નં.–૧૦

વિષયઃ– ફાયર શાખામાં આવેલ ફાયર ફાયટરોમાં ઈમરજન્સી સાયરન ( ઈલેકટ્રોનિક ) તેમજ એમ્પ્લીફાયર ૧૨ વોલ્ટ તેમજ ૨૪ વોલ્ટના પી.એ.સીસ્ટમ વીથ હુટર કંમ્પલીટ સેટ નવા લગાવવાની કામગીરી શ્રી આર.આર. ફાયર, દમણ ઈન્ડ. ઈસ્ટેટ, કડૈયા ગામ, ભીમપોર, કુંતા રોડ, નાની દમણનું આવેલ બીલ રૂા.૯૮,૫૯૨.૭૫ પુરાનું મંજુર કરવા બાબત..

ઠરાવ.:–

ફાયર એન્ડ લાઈટ ક. ઠ.નં.૫૬ / તા.:૦૬–૦૧–૨૦૧૭ થી મંજુર થયા મુજબ, ફાયર શાખામાં આવેલ ફાયર ફાયટરોમાં ઈમરજન્સી સાયરન ( ઈલેકટ્રોનિક ) તેમજ એમ્પ્લીફાયર ૧૨ વોલ્ટ તેમજ ૨૪ વોલ્ટના પી.એ.સીસ્ટમ વીથ હુટર કંમ્પલીટ સેટ નવા લગાવવા માટે મંજુર કરવામાં આવેલ, જેથી ફાયર ફાયટરોમા સાયરન તેમજ એમ્પ્લીફાયર ૧૨ વોલ્ટ તેમજ ૨૪ વોલ્ટના પી.એ. સીસ્ટમ વીથ હુટર કંમ્પલીટ સેટ નવા લગાવવા માટે વહીવટી જાવક નં.૧૬૦૪ / તા.:૨૦–૦૧–શ્ર૦૧૭ થી વર્કઓર્ડર આપવામાં આવેલ છે, અને વર્કઓર્ડરમાં જણાવ્યા મુજબ ઠેકેદારશ્રી આર.આર. ફાયર, સર્વે નં.–૩૧ / અ, દમણ ઈન્ડ. ઈસ્ટેટ, કડૈયા ગામ, ભીમપોર, કુંતા રોડ, નાની દમણએ સાયરન તેમજ એમ્પ્લીફાયર લગાવવાની કામગીરી કરેલ છે, કરાવેલ કામગીરીનું બીલ રૂા.૯૮,૫૯૨.૭૫/– પુરાનું અત્રેની કચેરીએ આવેલ છે, તો કરાવેલ કામગીરીનું બીલ મંજુર કરવા બીલનું ચુકવણું કરવા અંગેની જરૂરી આગળની કાર્યવાહી કરવાનું મંજુર કરવા જનરલ બોર્ડને ભલામણ કરવાનું ઠરાવવામાં આવે છે.

સ.મ.મંજુર..

વ.કા. નં.–૧૧

વિષયઃ–અબ્રામા ધરમપુર રોડ,એસ.ટી.વર્કશોપ સામેના વિસ્તારમાં આવેલ પ્રમુખ શિવાલય રેસીડન્સીમાં સ્ટ્રીટ લાઈટની સુવિધા આપવા બાબત..

ઠરાવ.:–

અબ્રામાના ધરમપુર રોડ, એસ.ટી. વર્કશોપ સામેના વિસ્તારમાં આવેલ પ્રમુખ શિવાલય રેસીડન્સી સોસાયટીના રહીશોએ તેમની સોસાયટીના રસ્તાઓ નગરપાલિકાને સુપરત કરેલ છે અને સાથે સ્ટ્રીટ લાઈટની સુવિધા આપવા નગરપાલિકાને તા.:૩૦–૧૨–૨૦૧૫ ના રોજ અરજી પણ આપેલ છે. અબ્રામા ઝોન કચેરી તરફથી તા.:૨૯–૩–૨૦૧૬ નારોજ આપશ્રીને રીપોર્ટ કરવામાં આવેલ છે. પ્રમુખ શિવાલય રેસીડન્સી સોસા.માં સ્ટ્રીટ લાઈટની સુવિધા ઉપલબ્ધ કરાવવા માટે અબ્રામા ઝોનના વાયરમેનો પાસે સર્વે કરાવતા તેમના રીપોર્ટ મુજબ આ માટે નવા ફીટીંગ્સ, કલેમ્સ, પાઈપ, વાયર, ટાઈમર સ્વીચ, તથા નવુ થ્રી ફેઝ મીટર નાંખવા વિગેરે મળીને અંદાજે રૂા.૩,૨૨,૫૦૦/– નો ખર્ચ થાય તેમ છે. સોસાયટીવાળા કુલ ખર્ચના ૩૦% ટકા જેટલો લોકફાળો ભરવા તૈયાર છે જે વિદીત થતા તેમને રૂા.૯૭,૦૦૦/–નો ફાળો ભરવાપાત્ર લખવાની મંજુરી આપવા તથા સ્ટ્રીટ લાઈટ સુવિધા આપવા વાર્ષિક કરારથી નકકી થયેલ ભાવે જરૂરી માલસામાન લાઈટ શાખા મારફત ખરીદી આપવા તેમજ સદરહું કામગીરી લોકભાગીદારી યોજનામાં કાર્યવાહી કરવા અંગેની જરૂરી આગળની નિયમોનુસાર કાર્યવાહી કરાવવાનું મંજુર કરવા જનરલ બોર્ડને ભલામણ કરવાનું ઠરાવવામાં આવે છે.

સ.મ.મંજુર..

..૧૫..

વ.કા. નં.–૧૨

વિષય:–અબ્રામા સોના સરીતા વિસ્તારમાં આવેલ શાંતિનગરમાં સ્ટ્રીટ લાઈટની સુવિધા આપવા બાબત..

ઠરાવ.:–

અબ્રામાના સોના સરીતા વિસ્તારમાં આવેલ શાંતિનગર સોસાયટીના રહીશોએ તેમની સોસાયટીના રસ્તાઓ નગરપાલિકાને સુપરત કરેલ છે અને સાથે સ્ટ્રીટ લાઈટની સુવિધા આપવા નગરપાલિકાને તા.:૫–૨–૨૦૧૬ ના રોજ અરજી પણ આપેલ છે. અબ્રામા ઝોન કચેરી તરફથી તા.:૧–૪–૨૦૧૬ નારોજ આપશ્રીને રીપોર્ટ કરવામાં આવેલ છે. શાંતિનગરમાં સ્ટ્રીટ લાઈટની સુવિધા ઉપલબ્ધ કરાવવા માટે અબ્રામા ઝોનના વાયરમેનો પાસે સર્વે કરાવતા તેમના રીપોર્ટ મુજબ આ માટે નવા ફીટીંગ્સ, કલેમ્સ, પાઈપ, વાયર, ટાઈમર સ્વીચ, તથા નવુ થ્રી ફેઝ મીટર નાંખવા વિગેરે મળીને અંદાજે રૂા.૧,૨૦,૭૨૦/– નો ખર્ચ થાય તેમ છે. સોસાયટીવાળા કુલ ખર્ચના ૩૦% ટકા જેટલો લોકફાળો ભરવા તૈયાર છે જે વિદીત થતા તેમને રૂા.૩૭,૦૦૦/–નો ફાળો ભરવાપાત્ર લખવાની મંજુરી આપવા તથા સ્ટ્રીટ લાઈટ સુવિધા આપવા વાર્ષિક કરારથી નકકી થયેલ ભાવે જરૂરી માલસામાન લાઈટ શાખા મારફત ખરીદી આપવા તેમજ સદરહું કામગીરી લોકભાગીદારી યોજનામાં કાર્યવાહી કરવા અંગેની જરૂરી આગળની નિયમોનુસાર કાર્યવાહી કરાવવાનું મંજુર કરવા જનરલ બોર્ડને ભલામણ કરવાનું ઠરાવવામાં આવે છે.

સ.મ.મંજુર..

સહી /– અવાચ્ય
(શ્રી પંકજ. ટી. આહિર )
ચેરમેન
કારોબારી સમીતી
વલસાડ નગરપાલિકા.